ગુજરાત પોલીસ ભરતી બોર્ડની રચના કરવા બાબત.

ગુજરાત સરકાર

ગૃહ વિભાગ

ઠરાવ ક્રમાંક : મહક/૧૦૨૦૧૯/૫૭૦૨૩૫/સ.

સચિવાલય, ગાંધીનગર.

તારીખ : /૦૩/૨૦૨૪

**વંચાણે લીધા :-**

(૧) ગૃહ વિભાગનો તારીખ ૨૭-૧૨-૨૦૧૯નો ઠરાવ ક્રમાંક : મહક / ૧૦૨૦૧૯ / ૫૭૦૨૩૫ / સ.

**ઠરાવ :-**

રાજ્ય પોલીસ દળ, વર્ગ – ૩ના સબ ઈન્સ્પેકટર સંવર્ગો જેવા કે બિન હથિયારી પોલીસ સબ ઈન્સ્પેકટર(UPSI), પ્લાટુન કમાન્ડર / હથિયારી પોલીસ સબ ઈન્સ્પેકટર{APSI(SRPF)}, બિન હથિયારી આસીસ્ટન્ટ સબ ઈન્સ્પેકટર(UASI), ઈન્ટેલીજન્સ ઓફિસર(IO), આસીસ્ટન્ટ ઈન્ટેલીજન્સ ઓફિસર(AIO) તેમજ લોકરક્ષક(LRD) સંવર્ગો જેવા કે બિન હથિયારી પોલીસ કોન્સ્ટેબલ(UPC), હથિયારી પોલીસ કોન્સ્ટેબલ(APC), હથિયારી પોલીસ કોન્સ્ટેબલ {APC(SRPF)}, જેલ સિપોઈ (પુરુષ) તથા જેલ સિપોઈ (મહિલા) જેવા સંવર્ગોની સીધી ભરતી ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર દ્વારા હાથ ધરવાની રહે છે.

રાજ્ય પોલીસ દળના વર્ગ-૩ના પોલીસ સંવર્ગોની સીધી ભરતી કરવામાં સરળતા રહે અને ઝડપથી તેમજ પારદર્શક અને નિષ્પક્ષ સીધી ભરતી થાય તેવા શુભ આશયથી આ સંવર્ગોને ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળના કાર્યક્ષેત્રમાંથી બહાર મુકીને સરકારશ્રી દ્વારા વખતો વખત કામચલાઉ ભરતી બોર્ડની રચના કરીને ભરતી કરવામાં આવતી હતી. છેલ્લે

વિભાગના વંચાણે લીધા તારીખ ૨૭/૧૨/૨૦૧૯ના ઠરાવથી બે જુદા જુદા કામચલાઉ ભરતી બોર્ડની રચના કરવામાં આવેલ. આ બોર્ડસ દ્વારા સફળતા પૂર્વક પરીક્ષાઓનું આયોજન કરીને, ભરતી પ્રક્રિયાઓ પૂર્ણ કરવામાં આવેલ છે તથા આ ભરતી બોર્ડસની મુદ્દત તારીખ ૨૩/૦૯/૨૦૨૨ના રોજ સમાપ્ત થયેલ હોઈ, આ સંવર્ગોમાં ભરતી કરવા માટે કાયમી ગુજરાત પોલીસ ભરતી બોર્ડ બનાવવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

પ્રસ્તુત બાબતે કાળજી પૂર્વકની વિચારણાને અંતે, પોલીસ ખાતાની પોલીસ સબ ઈન્સ્પેકટર સંવર્ગો તથા લોકરક્ષક સંવર્ગોની સ્પર્ધાત્મક પરીક્ષા દ્વારા સીધી ભરતી કરવા માટે કાયમી ગુજરાત પોલીસ ભરતી બોર્ડની રચના કરવાનું આથી ઠરાવવામાં આવે છે.

આ કાયમી ગુજરાત પોલીસ ભરતી બોર્ડમાં એક અધ્યક્ષ અને ચાર સભ્યોનો સમાવેશ કરવાનો રહેશે. તેઓની નિમણૂંક અંગેની બોલીઓ અને શરતો હવે પછી રાજ્ય સરકાર હુકમથી નક્કી કરશે. આ સિવાય પોલીસ ઈન્સ્પેકટર, પોલીસ સબ ઈન્સ્પેકટર, અંગત મદદનીશ, કચેરી અધીક્ષક અને જરૂરીયાત અનુસારના અન્ય અધિકારીઓ / કર્મચારીઓનો સહાયક સ્ટાફ રહેશે.

**કાર્યો :-**

આ ભરતી બોર્ડ બિન હથિયારી પોલીસ સબ ઈન્સ્પેકટર, પ્લાટુન કમાન્ડર/હથિયારી પોલીસ સબ ઈન્સ્પેકટર, બિન હથિયારી આસીસ્ટન્ટ સબ ઈન્સ્પેકટર, ઈન્ટેલીજન્સ ઓફિસર, આસીસ્ટન્ટ ઈન્ટેલીજન્સ ઓફિસર, બિન હથિયારી પોલીસ કોન્સ્ટેબલ, હથિયારી પોલીસ કોન્સ્ટેબલ, હથિયારી પોલીસ કોન્સ્ટેબલ(SRPF), જેલ સિપોઈ(પુરુષ) તથા જેલ સિપોઈ(મહિલા) તથા આ સિવાયના પોલીસ ખાતાના વર્ગ-૩ના તમામ પોલીસ સંવર્ગોની સીધી ભરતીની પરીક્ષાઓ તથા સરકારશ્રી દ્વારા વખતો વખત નક્કી કરવામાં આવતી રાજ્ય પોલીસ દળના વર્ગ-૩ના પોલીસ કર્મચારીઓની ખાતાકીય પરીક્ષાઓ તથા ખાસ સ્પર્ધાત્મક પરીક્ષાઓ લેવાની અને તે અંગેની તમામ આનુષાંગિક કાર્યવાહી કરવાની રહેશે.

**બોર્ડની ફરજો :-**

૧. વર્તમાન પત્રોમાં જાહેરાત પ્રસિધ્ધ કરીને ઓનલાઈન અરજીઓ મંગાવાવી;

૨. આવી ઓનલાઈન અરજીઓની જરૂરી સ્ક્રુટીની કરવી;

૩. સ્પર્ધાત્મક પરીક્ષા ભરતી નિયમો, પરીક્ષા નિયમોની જોગવાઈઓ તથા અન્ય નીતિ વિષયક સુચનાઓ અનુસરીને ખબૂ જ તટસ્થ અને ન્યાયી રીતે ભરતી કરવી;

૪. સ્પર્ધાત્મક પરીક્ષા કે અન્ય માન્ય પધ્ધતિ દ્વારા ઉમેદાવારોની પંસદગી કરવી;

૫. પરીક્ષાઓનું પરિણામ પ્રસિધ્ધ કરવું;

૬. ઉમેદવારોની પસંદગી ન્યાયયુક્ત, પારદર્શક અને તટસ્થ રીતે હાથ ધરવી;

૭. આખરી પસંદગી યાદી તૈયાર કરીને સબંધિત સત્તાધિકારીને મોકલી આપવી;

૮. પરીક્ષા તથા નિમણૂકનો રેકર્ડ રાખવો તથા ભરતી સંબંધિત થતા કોર્ટ કેસોની કાર્યવાહી;

૯. ભરતી બોર્ડ દ્વારા કરવામાં આવેલ કાર્યવાહીનો વાર્ષિક અહેવાલ તૈયાર કરવો અને તે સરકારશ્રીમાં રજૂ કરવો;

૧૦. સરકારશ્રી દ્વારા સોંપવામાં આવતી સીધી ભરતી/ખાતાકીય પરીક્ષાઓ/ખાસ સ્પર્ધાત્મક પરીક્ષાઓ યોજવી;

૧૧. રાજ્ય પોલીસ દળની વર્ગ–૩ની જગ્યાઓની સમયસર પરીક્ષાઓ યોજાય અને ભરતી થાય તે જોવું;

૧૨. આ સિવાય ભરતી બાબતે સરકારશ્રીની વખતો વખતની સૂચનાઓ / ઠરાવો / પરિપત્રોની સુચનાઓ અનુસરીને ભરતી કરવી.

**<u>સત્તા સોંપણી :-</u>**

ગુજરાત પોલીસ ભરતી બોર્ડના અધ્યક્ષશ્રી આ બોર્ડના વડા તરીકેની વહીવટી અને નાણાંકીય સત્તાઓ વાપરશે.

**<u>બોર્ડનું હેડ ક્વાર્ટર :-</u>**

આ બોર્ડનું હેડ ક્વાર્ટર ગાંધીનગર રહેશે.

૨. આ અંગે થનાર ખર્ચ હિસાબી સદર ૪૩-૨૦૫૫-૦૦-૮૦૦-૦૮(પોલીસ ઉપનિરીક્ષક ભરતી બોર્ડ) ખાતે ઉધારવાનો રહેશે

૩. આ ઠરાવ ફાઈલ ક્રમાંક- HD/MSM/e-file/8/2022/3254/C ઉપર સામાન્ય વહીવટ વિભાગની તારીખ ૦૪/૦૩/૨૦૨૪ની નોંધથી, નાણાં વિભાગની તારીખ ૦૭/૦૩/૨૦૨૪ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે પ્રસિદ્ધ કરવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(કે.વી. હિન્ડોચા)

eSign Signed by: KISHOR V HINDOCHA
Organization Unit: Home Department
Organization Name: GOVERNMENT OF GUJARAT
Date: 07-Mar-2024 (09:22 PM)

નાયબ સચિવ

ગૃહ વિભાગ

પ્રતિ,

- માનનીય રાજ્યપાલશ્રીના અગ્ર સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર(પત્ર દ્વારા).
- માન. મુખ્ય મંત્રીશ્રીના મુખ્ય અગ્ર સચિવશ્રી, મુખ્ય મંત્રીશ્રીનું કાર્યાલય, સ્વર્ણીમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન. રાજ્ય કક્ષાના મંત્રીશ્રી(ગૃહ)ના અંગત સચિવશ્રી, સ્વર્ણીમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર.
- મુખ્ય સચિવશ્રી, સામાન્ય વહીવટ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી(ગૃહ)ના અગ્ર રહસ્ય સચિવશ્રી, ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી (કર્મચારી ગણ), સામાન્ય વહીવટ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી (નાણા), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

- સચિવશ્રી, ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ., કર્મયોગી ભવન, ગાંધીનગર.(પત્ર દ્વારા)
- પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુજરાત રાજ્ય, પોલીસ ભવન, ગાંધીનગર.
- શ્રી હસમુખ પટેલ, આઈ.પી.એસ., અધ્યક્ષશ્રી લોકરક્ષક ભરતી બોર્ડ અને મેનેજીંગ ડાયરેક્ટર, પોલીસ હાઉસીંગ બોર્ડ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
- અધિક સચિવશ્રી(ક.ગ.), ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અધિક પોલીસ મહાનિદેશકશ્રી (વહીવટ), ગુજરાત રાજ્ય, પોલીસ ભવન, ગાંધીનગર.
- અધિક પોલીસ મહાનિદેશકશ્રી(આઇ.બી), ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
- સર્વે રેન્જ વડાશ્રીઓ.
- સર્વે પોલીસ કમિશનરશ્રીઓ.
- નાયબ સચિવશ્રી (ક.ગ) સામાન્ય વહીવટ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સર્વે પોલીસ અધીક્ષકશ્રીઓ.
- નાયબ સચિવશ્રી(જેલ), ગૃહ વિભાગ, સિચવાલય, ગાંધીનગર.
- શાખા સિલેકટ ફાઇલ.